**<u>વિધ્યાસહાયક યોજના, પસંદગીના ધોરણ બાબત,</u>**
**<u>"તાલિમી સ્નાતક"ની જોગવાઇ રદ કરવા અંગે.</u>**

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: પીઆરઇ-૧૦૯૬ ૩૦૫૦-ક
સચિવાલય ગાંધીનગર:
તા.૧-૮-૨૦૦૦

સંદર્ભ: (૧) શિક્ષણ વિભાગનો તા. ૧-૧૨-૯૭ નો ઠ.ક્ર. ખપશ-૧૨૯૭-૨૬૯-ચ
(૨) શિક્ષણ વિભાગનો તા. ૧૧-૬-૯૮ નો ઠ. ક્ર. પીઆરઇ-૧૦૯૬-૩૦૫૦-૧૦૨૭-(૯૮)-ક
(૩) નામ.હાઇકોર્ટનો તા.૧૩-૮-૯૮નો ચૂકાદો સ્પે. સી. એ. નં-૫૨૧૮-૯૮
(૪) શિક્ષણ વિભાગનો તા. ૩૧-૮-૯૮ નો ઠ.ક્ર. પીઆરઇ-૧૩૯૮-સીસી-૨૯૪-ક
(૫) શિક્ષણ વિભાગનો તા. ૧-૭-૯૮ નો ઠ.ક્ર. ખપશ-૧૨૯૭-૨૬૯-ચ
(૬) શિક્ષણ વિભાગનો તા. ૨૧-૬-૨૦૦૦ નો ઠ.ક્ર. પીઆરઇ-૧૦૯૬-૩૦૫૦-ક
(૭) નામ હાઇકોર્ટનો તા.૨૦-૬-૨૦૦૦નો ચૂકાદો સ્પે. સી. એ. નં-૪૦૦૫-૮૭

ઠ રા વ :

૧.સંદર્ભ-(૧) માં જણાવેલ ઠરાવથી બી. એડ. થયેલ ઉમેદવારોને પ્રાથમિક શાળા માટે નામ. વડી અદાલતના ખાસ દિવાની અરજી ક્રમાંક ૨૯૦૩-૮૮ ના ચૂકાદાને અનુલક્ષીને તાલિમી તરીકે ગણવામાં આવેલા છે. સંદર્ભ(૨) અને (૬)ના ઠરાવોથી જિલ્લા પંચાયતો, અધિકૃત નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓની પ્રાથમિકશાળામાં વિધાસહાયકોની પસંદગીના ધોરણ નક્કી કરવામા આવેલા છે.

૨.સંદર્ભ-૭ થી ખાસ દિવાની અરજીક્રમાંક ૪૦૦૫-૧૯૮૭ હેઠળ નામ.વડી અદાલતે તા. ૨૦-૬-૨૦૦૦ ના ચૂકાદાથી, ૧૯૮૪(૧) જીએલઆર-૬૫૧ અને ખાસ દિવાની અરજી ક્રમાંક ૨૯૦૩-૮૮ હેઠળ તા૬-૨-૯૬થી આપેલ ચૂકાદાઓ રદ કર્યા છે. આ ચૂકાદાના પરિપ્રેક્ષ્યમાં સંદર્ભ(૧),(૨) અને (૬) હેઠળના ઠરાવોથી પ્રાથમિક શાળાઓમાં વિધાસહાયકની ભરતી માટેના ઉમેદવારોની નકકી કરેલ લાયકાતો પૈકી "તાલિમી સ્નાતક"ની લાયકાત રદ કરવાની બાબત સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે સરકાર નીચે મુજબ ઠરાવે છે.

(૧) શિક્ષણ વિભાગના સંદર્ભ (૧) માં જણાવેલ તા. ૧-૧૨-૯૭ ના ઠરાવના ફકરા (૩) (૩) હેઠળ નિયત થયેલ "ગ્રેજ્યુએટ, બી. એડ. "ની લાયકાત રદ કરવામાં આવે છે.

(૨) શિક્ષણ વિભાગના સંદર્ભ (૬) માં જણાવેલ તા. ૨૧-૬-૨૦૦૦ ના ઠરાવના ફકરા-૧ માં દર્શાવ્યા મુજબ સંદર્ભ (૨)ના ફકરા ૪(ખ)(૨) હેઠળ નિયત થયેલ "તાલીમી સ્નાતક"ની લાયકાત આથી રદ કરવામાં આવે છે.

૩.આ જોગવાઇઓનો અમલ ઠરાવ રવાના થયાની તારીખથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

(જી. કે. ભાવસાર)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ
માનનીય મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રી શિક્ષણ અને રાજ્યકક્ષાના મંત્રીશ્રી શિક્ષણ ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી
તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
સર્વે. શાસનાધિકારીશ્રી, નગર પંચાયત મહાનગર પાલિકા, નગર પાલિકા.
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ રાજ્યના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
શિક્ષણ વિભાગની સર્વે શાખા / સિલેકટ ફાઇલ.